


# શિક્ષણનું સાચું સમીકરણ

## શિક્ષક + વિદ્યાર્થી + મેનેજમેન્ટનું સંકલન

શિક્ષણ માત્ર પુસ્તકોનાં પાનાઓમાં બંધાયેલું જ્ઞાન નથી. તે મૂલ્યો, ઈમાનદારી અને જવાબદારીનું જીવંત સાક્ષાતીકરણ છે. કારણ શાળાઓ અને કોલેજો માત્ર ડિગ્રી આપતી સંસ્થાઓ નથી, ત્યાંથી સમાજના ભવિષ્યના નાગરિક ઘડાય છે. અહીં પ્રોફેસર- શિક્ષકો, વિદ્યાર્થી અને મેનેજમેન્ટ આ ત્રણેય વચ્ચેનો સંબંધ વિશ્વાસ, આદર અને મૂલ્યો આધારિત હોવો જરૂરી છે પરંતુ આજના સમયમાં કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં એવા પ્રસંગો જોવા મળે છે, જ્યાં પ્રોફેસર, વિદ્યાર્થી અને મેનેજમેન્ટ વચ્ચેના સંબંધોમાં તણાવ ઊભો થાય છે. ખાસ કરીને ત્યારે જયારે કોઈ વગદાર કે માથાભારે વિદ્યાર્થી માટે હાજરી વધારવાની, ગ્રેસ માર્ક આપવાની કે પેપરમાં અસામાન્ય રીતે વધુ ગુણાંક આપી પાસ કરવાની માંગ કરવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં આ દબાણ સીધું પ્રોફેસર પર આવે છે. મેનેજમેન્ટ તરફથી સંકેત આપવામાં આવે છે કે ‘આ વિદ્યાર્થીને’ મદદ કરવી જ પડશે. મેનેજમેન્ટને વળી ઉપરથી દબાણ આવે છે. આમ દરેક જણ દબાણ હેઠળ મૂલ્યો અને નૈતિકતાને બાજુ પર મૂકી પોતાની નોકરીનું જોખમ ન લેતાં મજબૂરીમાં ઝૂકી જાય છે. અમે નાનાં હતાં ત્યારે એવું કોઈ ઝૂકી જાય તો કહેતા સાંભળેલા ‘મજબૂરી કા નામ મહાત્મા ગાંધી.’ આમ પોતે મૂલ્યો અને નૈતિકતાને બાજુમાં મૂકી મજબૂરી આગળ માથું ટેકવી દે પરંતુ કેટલાક શિક્ષકો એવા પણ હોય છે જેમના માટે મૂલ્યો અને નૈતિકતા નોકરી કરતાં મોટી હોય છે. તેઓ જરૂર પૂરતું ઝૂકે છે પણ વધુ અનૈતિક કાર્યનો ભાર ન સહી શકતા આવી માંગ સામે અવાજ ઉઠાવે છે પરંતુ સત્ય માટે ઊભા રહેવું સરળ નથી હોતું, તેની કિંમત ઘણી વખત ભારે પડે છે. આવા પ્રોફેસરોને પછી મેનેજમેન્ટ તરફથી અપ્રત્યક્ષ રીતે દબાણ, બદલી, અપમાન કે હેરાનગતિનો સામનો કરવો પડે છે. કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓ પણ પ્રભાવમાં આવીને પ્રોફેસર સામે વિરોધ ઊભો કરે છે. આવો તણાવ વર્ષો સુધી ચાલે છે અને જયારે એ પ્રોફેસર નિવૃત્તિની નજીક પહોંચે છે ત્યારે એક નવી મુશ્કેલી ઊભી થાય છે. પેન્શન મેળવવા માટે જરૂરી કાગળો સરકાર સુધી પહોંચાડવાની જવાબદારી મેનેજમેન્ટની હોય છે પરંતુ ક્યારેક એ કાગળો જાણી જોઈને મોકલવામાં જ નથી આવતાં. સરકારનાં દરેક ખાતાં આમ પણ ઓવરલોડેડ જ હોય છે.

ગમે તેટલી નવી ટેક્નિક કે ડિજિટલાઈઝેશન પણ તેમનો લોડ ઓછો નથી કરી શકતી. વળી આપણા અને એમના, સૌની માનસિકતા બની ગઈ છે કે ‘સમય તો લાગે’, આપણે એનો સ્વીકાર કરી લીધો છે. એટલે જ સમાજ અને સરકાર ધીમી ગતિથી ચાલ્યા (ઘસડયા) કરે છે. આનું પરિણામ શું? વર્ષો સુધી શિક્ષણ આપનાર પ્રોફેસરને પોતાનો હક મેળવવા માટે કોર્ટના ચક્કર લગાવવા પડે છે.

### કેસ :

સુમિત્રાબેન સ્વાધ્યાય પરિવારમાં ઉછરેલાં. તેમના માટે જીવનમાં સત્ય, મૂલ્ય, નૈતિકતાનું મહત્ત્વ ખૂબ હતું. ખૂબ ઉત્સાહથી તેઓએ શૈક્ષણિક જગતમાં પ્રવેશ કર્યો હતો પરંતુ તેમની સત્યનિષ્ઠા અને નૈતિકતા તેમની ડગલેપગલે કસોટી લેતી રહી. કમને ઘણી વાર નાનાં નાનાં સમાધાન કરી લેતાં હતાં પરંતુ કસોટી જયારે મોટી આવી ત્યારે તેઓએ અવાજ ઉઠાવ્યો. એક માથાભારે વિદ્યાર્થી જે કોલેજમાં ભણવા કલાસમાં ભાગ્યે જ આવતો, મોટા ભાગનો સમય કોલેજના રાજકરણમાં રોફ જમાવતો રહેતો. તેની એટેન્ડન્સ સુમિત્રાબેને દબાણને વશ થઈ વધારી આપવી પડતી. મેનેજમેન્ટ સુમિત્રાબેન પર ખોટું કરવા દબાણ કરતાં એ જોઈને વિદ્યાર્થીને પણ હિંમત આવી. હવે તે પોતાના અન્ય મિત્રો માટે પણ સુમિત્રાબેન પાસે માર્કસ વધારા, ગ્રેસ આપવાના સીધા દબાણ કરવા લાગ્યો. મેનેજમેન્ટ પણ મૌન રહી માથાભારે વિદ્યાર્થીને પ્રોત્સાહન પૂરું પાડતા રહ્યા. એક વાર આ વિદ્યાર્થી ગેંગ લઈને સુમિત્રાબેન પાસે પરીક્ષાનું પેપર એડવાન્સમાં લેવા પહોંચી ગયો. હવે સુમિત્રાબેન અકળાયાં અને તેમણે અવાજ ઉઠાવ્યો. મેનેજમેન્ટમાંથી કોઈએ આ પેપર ફોડી નાંખ્યું અને એનો દોષ સુમિત્રાબેન પર નાખી દીધો. સુમિત્રાબેનની સામે તપાસ બેઠી. તેમના સહકર્મીઓ તેમના પક્ષમાં બોલતા ડરતા રહ્યા. તેમના ઘરમાંથી પણ તેમના પર ચૂપચાપ સરન્ડર થવાનું દબાણ વધવા લાગ્યું. ખૂબ લાંબી લડાઈ બાદ સુમિત્રાબેનને કારમી હાર સાથે ચૂપ થઈ બેસી જવું પડયું.

હવે તેમની હારથી ઉત્તેજિત થઈ માથાભારે વિદ્યાર્થી દ્વારા વધુ દબાણ અને વધુ અનૈતિક કામ કરવા માટેનું દબાણ વધવા લાગ્યું. નિવૃત્તિના આરે ઊભેલાં સુમિત્રાબેન કોઈના સહકાર વિના લડતાં રહ્યાં. ઘણી આશા સાથે યુનિવર્સિટી સુધી વાત પહોંચાડી અને પછી તો તેમની હાલત વધુ કફોડી થઈ. તેઓએ હિંમત કરી ડીપાર્ટમેન્ટ સુધી વાત પહોંચાડી તો ડીપાર્ટમેન્ટે યુનિવર્સિટીનો ઉધડો લીધો. આમ કરતાં કરતાં તેઓની નિવૃત્તિનો દિવસ નજીક આવી ગયો અને માથાભારે વિદ્યાર્થીઓએ તેમના વાહનને નુકસાન કરી જાણે વેર લીધું.

સુમિત્રાબેન વિફર્યાં તો તેઓ હડતાળ પર ઊતરી ગયા. મેનેજમેન્ટે સુમિત્રાબેનને માનસિક તકલીફવાળા જણાવી તેમના પર જ ફરી દોષનો ટોપલો ઢોળી દીધો. નિવૃત્તિ પછી સુમિત્રાબેનનું પેન્શન અટકાવી દીધું. સુમિત્રાબેને ચંપલ ઘસી નાંખી પણ બહેરા કાને તેમની વાત ન સાંભળી. તેઓએ ન્યાયાલયનો દરવાજો ખટખટાવ્યો. ‘દેર સે પર દુરસ્ત આયે’ની જેમ પેન્શન તો મળ્યું પણ... વ્યાજ માટેની લડત ચાલુ... ચાલુ... ચાલુ અને એ માથાભારે વિદ્યાર્થી રાજકારણમાં દબદબો ધરાવતો થઈ ગયો.

કોઈ કહે છે કે, ‘‘આજના સમયમાં પ્રેકટીકલ બનવું પડે’’, ‘‘સત્તા આગળ શાણપણ નકામું -સુમિત્રાબેને હાર સ્વીકારી લઈ ઘડપણને સુરક્ષિત કરી લેવું જોઈએ’’, ‘‘આજના સમયમાં સત્ય, નૈતિકતા, મૂલ્યોના ઝંડા લઈને ના ચલાય’’, ‘‘સમય જ આવાં માથાભારે તત્ત્વોને ખુલ્લા કરશે’’, સમાજને સુધારવાનો ઠેકો ન લેવાય...’’

જેટલા મોં એટલી શિખામણો. તમે શું કહેશો?

- પ્રેકટીકલ બનવું એટલું શું? (મૂલ્યો, સત્ય, નૈતિકતાને કોરાણે મૂકી દેવા?)

- ભવિષ્યની પેઢીને મૂલ્યો, નૈતિકતાથી દૂર કરી કેવો સમાજ બનવાની આશા રાખો છો? (વાવશો એવું લણશો.)

- સમય આવા લોકોને ખુલ્લા કરશે એવું વિચારીને સ્વયંને જવાબદારીમાંથી ઉગારી લેવી છે? (તો જવાબદારી કોણ લેશે) કોઈકે તો ઠેકો લેવો પડશે ને? અને જે ઠેકો લે તેને ટેકો આપવા સંગઠનમાં જોડાવું પણ પડશે ને? પણ... (બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે? અને બાંધી પણ દે પછી શું? બિલાડીના જ ઘંટા ચારેકોર વાગશે અને તેને સિંહાસન મળશે.) શું આવા ભયથી ભવિષ્યની પેઢીને ખોટું શિક્ષણ આપીશું? તો આપણામાં અને આપણને ગુલામ બનાવવા આપણી શિક્ષણનીતિનો વિનાશ કરનારાઓમાં ફરક શું?

ભૂતકાળમાં પણ આવા અનેક કિસ્સાઓ અમારી પાસે આવ્યા હતા અને હજી પણ આવતા રહે છે. અહીં પ્રશ્ન માત્ર વ્યક્તિગત અન્યાયનો નથી. પ્રશ્ન આખી શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીયતાનો છે. જો શિક્ષકોને સુરક્ષા અને સન્માન નહીં મળે તો તેઓ વિદ્યાર્થીઓને મૂલ્યો કેવી રીતે શીખવી શકશે? વિદ્યાર્થીઓમાં એ સમજણ કોણ વિકસાવશે કે સાચી સફળતા મહેનત અને ઈમાનદારીથી જ મળે છે. તેથી જ જો મેનેજમેન્ટ સંસ્થાને માત્ર પ્રતિષ્ઠા અને પરિણામના આંકડાથી જોવાનું બંધ કરી શિક્ષણના મૂળ મૂલ્યોને મહત્ત્વ આપશે અને જો વિદ્યાર્થીઓ મહેનતને સાચો રસ્તો માને, તો પ્રોફેસરને પણ પોતાના સિદ્ધાંતો સાથે કામ કરવાની શક્તિ મળશે.

શિક્ષણનું મંદિર ત્યારે જ પવિત્ર રહે છે, જયારે ત્યાં ગુણાંક કરતાં મૂલ્યોને વધુ મહત્ત્વ આપવામાં આવે કારણ કે અંતે શિક્ષણનો સાચો હેતુ માત્ર ડિગ્રી આપવાનો નથી પરંતુ નીડર, સત્યનિષ્ઠ અને જવાબદાર નાગરિક બનાવવાનો છે.

ફકત સમસ્યા વિશે વાત કરવા કરતાં ઉકેલ તરફ જોઈએ.

1. પેપર ચેકિંગ, ગ્રેસ માર્ક, હાજરી પ્રક્રિયા ડિજિટલ અને ઓડિટેબલ બનાવવી જોઈએ અને સીધી રેકોર્ડ સિસ્ટમમાં નોંધાઈ જવી જોઈએ. જેથી કોઈ વ્યક્તિગત દબાણથી ફેરફાર કરવો મુશ્કેલ બને. 2. કોઈ શિક્ષક-પ્રોફેસર પર અનૈતિક દબાણ કરવામાં આવે તો ગુપ્ત મિકેનિઝમ દ્વારા ફરિયાદ દરેક ડીપાર્ટમેન્ટમાં પહોંચી જવી જોઈએ.

3. જો મેનેજમેન્ટ (સંસ્થા) દ્વારા ઈચ્છાપૂર્વક પેન્શન જેવી પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવે તો દંડ અને જવાબદારી નક્કી થવી જોઈએ.

પેન્શન પ્રક્રિયા ડિજિટલ બનાવવી જોઈએ. તમામ દસ્તાવેજો સીધા સરકારી ડિજિટલ પોર્ટલ પર અપલોડ થઈ જવા જોઈએ.@

4. શિક્ષણવ્યવસ્થા મજબૂત ત્યારે બને છે જયારે શિક્ષક નિષ્ઠાવાન અને નિર્ભય હોય, વિદ્યાર્થી મહેનતી અને જવાબદાર હોય, મેનેજમેન્ટ પારદર્શક અને નીતિવાન હોય. આ ત્રણે વચ્ચે વિશ્વાસ અને ન્યાય જળવાઈ રહેશે તો શિક્ષણનું મંદિર સત્ય અર્થમાં પવિત્ર બની રહેશે.

**શિક્ષણનું મંદિર ત્યારે જ પવિત્ર રહે છે, જયારે ત્યાં ગુણાંક કરતાં મૂલ્યોને વધુ મહત્ત્વ આપવામાં આવે કારણ કે અંતે શિક્ષણનો સાચો હેતુ માત્ર ડિગ્રી આપવાનો નથી પરંતુ નીડર, સત્યનિષ્ઠ અને જવાબદાર નાગરિક બનાવવાનો છે**

Instagram@gita.shroff